**ક્રિમીનલ કેસ નં.60158/17 ના કામે આંક ૧ ચાર્જશીટ લગત હુકમઃ–**

---

૧.  કેસનું રેકર્ડ વંચાણે લીધું તથા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

૨.  આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(બી) વિગેરે મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ફાઈલ કરવામાં આવેલ છે. જેમાં આરોપીને વારંવાર સમન્સ/વોરન્ટ ઈસ્યુ કરતાં આરોપીને સમન્સ કે વોરન્ટની બજવણી કરવામાં પોલીસ નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ કામે રેકર્ડ તપાસતાં આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે. આ કામ સમન્સ પધ્ધતિથી ચલાવવાનું હોય તેના ઉપર સમન્સ ટ્રાયલની જોગવાઈઓ લાગુ પડે છે. આ કેસનું સમગ્ર રેકર્ડ જોતાં કેસ છ માસ ઉપરાંતથી પેન્ડીંગ છે તથા આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ જ શક્યતા જણાતી નથી. જેથી આ કામ આજ રોજ સ્પે.સીટીંગમાં હાથ પર લેવામાં આવેલ છે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના સરક્યુલર નંબર ડી/૨૯૧૭/૦૬, તા. ૧૭.૧૦.૨૦૦૬ ને ધ્યાને લેતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તો તેના તાર્કિક અંત સુધી જઈ શકાય તેમ નથી. વધુમાં પ્રમોદકુમાર લાલબહાદુર વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો A.I.R. 2002 1856 નો ચુકાદો ધ્યાને લેતાં જે તે કોર્ટ ન નિર્ણય લઈ શકે કે ક્યા કેસમાં ૨૫૮ મુજબ કાર્યવાહી કરી શકાય. આથી સદરહું કેસ આગળ ચલાવવો યોગ્ય અને ન્યાયિક જણાતું ન હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

આરોપી સામેના પ્રસ્તુત કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે. તેમછતાં પોલીસ આરોપીની શોધખોળ કરી મળી આવે તો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

**(એ.વાય.દવે)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં. GJ00451

અમદાવાદ.
તા.૦૮.૦૨.૨૦૨૦